જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૭/૨૦૧૪ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૨૮/૧૪

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી ૨૯ વ્યક્તિઓને ઝડપી ૧૭૮ લીટર દેશી દારૂ અને એક મોટર સાયકલ કબજે કર્યુ હતુ.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૨૯/૧૪

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૭૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## શહેર ટ્રાફિક પોલીસે કરેલ કામગીરીની વિગતઃ- સમાચાર યાદી નં.૧૯૩૦/૧૪

તા.૨૫/૭/૧૪ નારોજ શહેર ટ્રાફિક પોલીસે કસુરવાર વાહન ચાલકો વિરુધ્ધ ૧૦,૩૧૫ કેસ કરી માંડવાળ પેટે રૂપિયા ૫,૫૯,૯૫૦/- વસુલ કર્યા છે. આ પૈકી ૪૫ વાહનો ડીટેઈન કરવામાં આવ્યા છે. આ ઉપરાંત રોંગ પાર્કિંગમાંથી ૨૪૮ વાહનો ટો કરી રૂપિયા ૧૩,૭૫૦/- વસુલ કરવામાં આવ્યા છે. બી.પી.એક્ટ (એન.સી.) મુજબ ૨ વાહન ચાલક વિરુધ્ધ, આઈ.પી.સી. ૧૮૮ મુજબ ૦ વાહન ચાલક વિરુધ્ધ, ૨૮૩ મુજબ ૦ આઈ.પી.સી.૨૭૯ મુજબ ૦ વાહન ચાલક વિરુધ્ધ કાર્યવાહી કરવામાં આવી છે. વગર હેલ્મેટનાં ૪૯૨૮ કેસ કરી રૂપિયા ૨,૪૬,૩૫૦/- વસુલ કરવામાં આવ્યા છે.

તા.૧/૧/૧૪ થી તા.૨૫/૭/૧૪ સુધીમાં કુલ ૧૮,૫૬,૬૮૬ કેસો કરવામાં આવેલ છે અને રૂપિયા ૧૦,૫૩,૫૩,૦૫૦/- સ્થળ દંડ વસુલ કરવામાં આવેલ છે.

## છેતરપીંડી :- સમાચાર યાદી નં.૧૯૩૧/૧૪

**સેટેલાઇટ :** દિલીપકુમાર ચિમનલાલ પટેલ (રહે.મહાવીરનગર સોસાયટી, એમ.એન.કોલેજ રોડ, વિસનગર, મહેસાણા) એ તા.૨૫/૭/૧૪ નારોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે એપીલ ૨૦૧૩ થી એપ્રીલ ૨૦૧૪ દરમ્યાન આરોપી કલ્પેશ શાહ (શેઠ) અને પ્રતિક નામનો પુરૂષ(બંનેના પુરા નામ સરનામાના ખબર નથી) એ ભેગામળી સંદેશ વર્તમાનપત્રમાં ગેરેન્ટેડ એડમીશન ઈન એમબીબીએસ જી.એસ.એજ્યુકેશન માટે સેટેલાઇટ કામેશ્વર પાસે સમાન કોમ્પલેક્ષની સામે સત્યમ મોલ ઓફીસ નંબર ૨૪૮ સરનામુ અને મોબાઈલ નંબર ૭૫૬૭૦૦૬૧૧૩ આપી જાહેરાત આપી હતી. આથી દિપકકુમાર પુત્રીના એડઅમીશન માટે દીલીપકુમારનો સંપર્ક કરી ટુકડે-ટુકડે રૂપિયા ૨૧,૫૦,૦૦૦/- મેળવી લઇ વિશ્વાસમાં લઇ એડમીશનનું બોગસ ફોર્મ બતાવી તેના બદલામાં એડમીશન નહી અપાવી રૂપિયા પરત નહી આપી દિપકકુમાર સાથે છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.કે.વાઘેલા ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૧૯૩૨/૧૪**

**એલીસબ્રીજ :** પ્રકાશભાઇ વર્ધીલાલ ઠાકર (રહે.વ્રજ વિહાર સોસાયટી, વિભાગ-૨, સેટીલાઇટ) એ તા.૨૫/૭/૧૪ નારોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૭/૧૪ રાતનાં ૧૦/૦૦ થી તા.૧૯/૭/૧૪ સવારનાં ૯/૩૦ વાગ્યા દરમ્યાન મહાલક્ષ્મી મ્યુની.માર્કેટમાં આવેલ પોતાની જય કેમીસ્ટ નામની દુકાનનાં તાળા તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી રોકડ રૂપિયા ૧,૭૭,૫૧૮/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.જી.સોલંકી ચલાવે છે.

**સાબરમતીઃ** જીગ્નેશ શકરાભાઇ પટેલ (રહે.યોગેશ્વર ટવીન બંગ્લોઝ હોમ ટાઉન -૩ ની પાસે ન્યુ રાણીપ સાબરમતી) એ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૭/૧૪ સાંજના ૫/૦૦ થી તા.૨૬/૭/૧૪ કલાક ૪/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના રસોડાની બારીનો સળીયો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાચાંદીના દાગીના, મોબાઈલ ફોન -૧ , હેન્ડી કેમ્પ-૨ અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૯૯,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એમ.છાસીયા ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૧૯૩૩/૧૪**

**માધવપુરા :** ઉર્મીલાબહેન નરેન્દ્રભાઇ ચોબીસા (રહે.શાહપુર દરવાજાનાં ખાંચામાં, હેમજામાની વાડી, શાહપુર દરવાજા અંદર શાહપુર) તા.૨૫/૭/૧૪ રાતનાં ૮/૦૦ વાગ્યાનાં સુમારે કાલુપુર દરવાજાથી ત્રીપાઠીહોલ, શાહપુર સુધીની ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન રીક્ષા ચાલક અને રીક્ષામાં બેસેલ બીજા બે પુરૂષ ઉર્મીલાબહેનની નજર ચુકવી ઉર્મીલાબહેનનાં થેલામાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૧૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૫૨,૭૦૦/- મતાની ચોરી કરી ઉર્મીલાબહેનને રીક્ષામાંથી નીચે ઉતારી દઇ નાસી ગયા છે. આ ગુનાની ફરીયાદ ઉર્મીલાબહેન ચોબીસાએ આજરોજ તા.૨૬/૭/૧૪ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી વિક્રમસિંહ હિંમતસિંહ ચલાવે છે.

**શહેરકોટડાઃ** મંગલેશકુમાર મથુરભાઈ પટેલ (રહે.ડ્રીમ પ્લાઝા સોસાયટી ગેવર કોમ્પલેક્ષ સામે શાહીબાગ) એ તા.૨૫/૭/૧૪ નારોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૭/૧૪ કલાક ૦૦/૨૦ થી તા.૧૮/૭/૧૪ સવારના ૮/૦૦ વાગ્યા દરમ્યાન કૃષ્ણગોપાલ એસ્ટેટ્ક શ્યામ ફાઉન્ડ્રી નામની ભઠ્ઠી મેમ્કો નજીકથી પાવરલુમની દિવાલ ગરમ માલ નંગ-૪૦ કિમત રૂપિયા ૧,૨૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન બી સોલંકી ચલાવે છે.

**વાહનચોરી :-** **સમાચાર યાદી નં.૧૯૩૪/૧૪**

**ખોખરાઃ** રાહુલકુમાર રમેશભાઈ નાગર (રહે.વચલો ખાંચો બંગલાની પોળ રાયપુર દરવાજા) એ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૭/૧૪ સાંજના ૭/૩૦ વાગે ખોખરા નેશનલ હેન્ડલુમ સામે આવેલ હરેશ સ્ટવ નામની ગેસ રીપેરીંગ નામની દુકાન નજીક પાર્ક કરેલ પોતાનુ એક્ટીવા કિમત રૂપિયા ૩૮,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી સુરવીરસિહ સ્વરૂપસિહ ચલાવે છે.

**ઓઢવઃ** ભરતભાઈ ભીખાભાઈ રબારી (રહે. માણેકભાઈની ચાલી લીલાનગર ખોડીયારનગર) એ તા.૨૦/૭/૧૪ કલાક ૨/૦૦ વાગે રહેણાંક નજીક પોતાની મહિન્દ્રા મેક્સ ગાડી નંબર જીજે ૧ એચઆર ૨૫૯૩ કિમત રૂપિયા ૨,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ ભરતભાઈ રબારીએ તા.૨૫/૭/૧૪ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર એન ખાંટ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૯૩૫/૧૪**

**સરખેજ :** હમીદઉલ્લા ખેરૂઉલ્લા અંસારી (ઉ.વ.૬૭)(રહે.મુલ્લા ઈબ્રાહીમની ચાલી રખિયાલ) તા.૨૦/૭/૧૪ કલાક ૧/૦૦ વાગ્યાના સુમારે અંબર ટાવર સામેથી પસાર થઇ રહ્યા હતા ત્યારે અજાણ્યા વાહન ચાલકે વાહન બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી હમીદઉલ્લા અંસારીને ટક્કર મારી ગંભીર ઇજાઓ પહોંચાડી હતી. સારવાર માટે તેમને વા.સા.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૫/૭/૧૪ રાતના ૨/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગેની ફરીયાદ મરણજનાર હમીદઉલ્લા અંસારીના ભાઇ હબીબઉલ્લા અંસારીએ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.કે.પરમાર ચલાવે છે.

**સાઁપ કરડતા મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૯૩૬/૧૪**

**ગુજરાત યુનિવર્સીટી :** યુવરાજસિંહ દેવીસિંહ શર્મા (ઉ.વ.૨૫)(રહે.એલ.ડી.એન્જીનીયરીંગ કોલેજ કેન્ટીન, નવરંગપુરા. મુળ વતન નેપાળ) તા.૧૮/૭/૧૪ કલાક ૪/૪૫ વાગ્યાના સુમારે કેન્ટીન પાછળ બાથરૂમ જવા સારૂ ગયા હતા દરમ્યાન સાઁપ કરડતાં સારવાર અર્થે તેમને સંજીવની હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તા.૨૪/૭/૧૪ રાતનાં ૮/૩૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ગુજરાત યુનીવર્સીટી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ. શ્રી જે.આર.ભાચકન ચલાવે છે.

**કરંટ લાગતા મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૯૩૭/૧૪**

**ઓઢવઃ** વિરેન્દ્રભાઈ દિનેશભાઈ પંચાલ (ઉ.વ.૩૫)(રહે.મહાલક્ષ્મી સોસાયટી ફાયરબ્રિગેડ પાછળ ઓઢવ) તા.૨૪/૭/૧૪ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પાણી કાઢવાની ઈલેક્ટ્રીક મોટર ચાલુ કરવા જતા કરંટ લાગ્યો હતો. સારવાર અર્થે તેમને શારદાબહેન હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તા.૨૪/૭/૧૪ રાતનાં ૮/૪૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જીવસિંહ તીતસિંહ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૯૩૮/૧૪**

**વટવાઃ** પરષોત્તમભાઈ રમેશભાઈ ચુનારા (ઉ.વ.૩૫)(રહે.મોટો ચુનારાવાસ દરગાહ પાછળ વટવા) એ આર્થિક સંકડામણ ની લીધે તા.૨૫/૭/૧૪ કલાક ૮/૩૦ વાગ્યાના સુમારે વટવા હાજીબીબી નવાપુરા જાફર હાઉસમાં દીવાલના ખીલા સાથે પ્લાસ્ટીકની દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અરવિંદભાઈ જેઠાભાઈ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.